# હું માત્ર ‘ઐતિહાસિક સત્ય’ બોલ્યો છું: કમલ હસન

*મદુરાઇ:* મક્કલ નિધિ માઇમના સ્થાપક કમલ હસને ગાંધીજીના હત્યારા નથુરામ ગોડસેને ‘સ્વતંત્ર ભારતના સૌપ્રથમ હિંદુ ત્રાસવાદી’ કહેતા પોતાના નિવેદનના સંબંધમાં બુધવારે સ્પષ્ટતા કરતા દાવો કર્યો હતો કે હું માત્ર ‘ઐતિહાસિક સત્ય’ બોલ્યો હતો.

દરમિયાન, કમલ હસને મદ્રાસ વડી અદાલતમાં બુધવારે આગોતરા જામીન અરજી કરી હતી.

ફિલ્મ અભિનેતામાંથી રાજકારણી બનેલા કમલ હસને જણાવ્યું હતું કે સત્ય કડવું હોય છે અને કડવી દવાથી બીમાર લોકો સાજા થઇ શકે છે.

કમલ હસને અહીંની નજીક આવેલા તિરુપુરાનકુન્દરમ ખાતે પેટાચૂંટણી માટે પ્રચાર કરતા જણાવ્યું હતું કે હું ઐતિહાસિક સત્ય બોલ્યો હતો. ‘ઉગ્રતાવાદી’ શબ્દનો અર્થ સમજું છું. હું (ગોડસે માટે ‘ઉગ્રતાવાદી’ને) ‘ત્રાસવાદી’ કે ‘હત્યારો’ શબ્દ વાપરી શક્યો હોત. આપણા દેશમાં સક્રિય રાજકારણ છે અને તેમાં હિંસાને કોઇ સ્થાન નથી.

કમલ હસને જણાવ્યું હતું કે મેં આ નિવેદન દ્વારા હિંદુઓની લાગણીને ઠેસ પહોંચાડી હોવાનું કહેવાય છે, પરંતુ મારા પરિવારમાં અનેક હિંદુઓ છે. મારી દીકરી પણ હિંદુ ધર્મને અનુસરે છે. મને એ નથી સમજાતું કે મારા આ નિવેદનથી હિંદુઓની લાગણી કઇ રીતે દુભાઇ?

તેમણે જણાવ્યું હતું કે આપણે એકબીજા પ્રત્યે સહિષ્ણુતા રાખવાને બદલે સહઅસ્તિત્વમાં માનવું જોઇએ.

તેમણે જણાવ્યું હતું કે હું માનું છું કે દરેક ધર્મના લોકો વચ્ચે એખલાસ જળવાઇ રહેવો જોઇએ.

અગાઉ, કમલ હસને મુસ્લિમોની બહુમતીવાળા વિસ્તારમાં ચૂંટણીસભાને સંબોધતા જણાવ્યું હતું કે ગાંધીજીનો હત્યારો સ્વતંત્ર ભારતનો સૌપ્રથમ હિંદુ ત્રાસવાદી હતો. (એજન્સી)■

## કમલ હસન સામેની અરજી હાઇ કોર્ટે હાથ ન ધરી

*નવી દિલ્હી:* દિલ્હીની વડી અદાલતે મહાત્મા ગાંધીની હત્યા કરનારા નથુરામ ગોડસેને હિંદુ ત્રાસવાદી ગણાવનારા ફિલ્મ અભિનેતામાંથી રાજકીય નેતા બનેલા કમલ હસન સામેની જાહેર હિતની અરજીને હાથ ધરવાનો મંગળવારે ઇનકાર કર્યો હતો.

અરજદારે ચૂંટણીમાં મત મેળવવા ધર્મનો થતો દુરુપયોગ રોકવા ચૂંટણી પંચને આદેશ આપવાની દાદ પણ ચાહી હતી.

ન્યાયાધીશ જી. એસ. સિસ્તાની અને ન્યાયાધીશ જ્યોતિ સિંહની બનેલી બૅન્ચે જણાવ્યું હતું કે ભારતીય જનતા પક્ષ (ભાજપ)ના નેતા અશ્વિની ઉપાધ્યાયે કમલ હસન સામે કરેલી જાહેર હિતની અરજી અમારા (આ વડી અદાલતના) કાર્યક્ષેત્રની બહાર આવે છે અને તેથી તેની સુનાવણી કરી ન શકીએ. આમ છતાં, વડી અદાલતે કમલ હસનની સંબંધિત ટિપ્પણી અંગે ઝડપથી કાર્યવાહી કરવા ચૂંટણી પંચને આદેશ આપ્યો હતો.

ભારતીય જનતા પક્ષ (ભાજપ)ના નેતા અશ્વિની ઉપાધ્યાયે કરેલી અરજીમાં વિનંતિ કરી હતી કે ચૂંટણીમાં મત મેળવવા ધર્મનો દુરુપયોગ કરનારા રાજકીય પક્ષો અને ઉમેદવારો પર પ્રતિબંધ મૂકવો જોઇએ.

ભાજપના નેતા અને વકીલ અશ્વિની ઉપાધ્યાયે આક્ષેપ કર્યો હતો કે કમલ હસને ચૂંટણીમાં મત મેળવવા માટે મુસ્લિમ બહુમતી ધરાવતા ટોળાની સમક્ષ ‘ઇરાદાપૂર્વક’ આ વિવાદાસ્પદ નિવેદન કર્યું હતું. (એજન્સી)■



**આક્રોશ:** જમ્મુ – કાશ્મીરમાં ત્રણ વર્ષની બાળકી પર થયેલા બળાત્કારના વિરોધમાં બુધવારે બુરખાધારી વિદ્યાર્થિનીઓએ પથ્થરમારો કરીને આ કરુણ બનાવ અંગે રોષ વ્યક્ત કર્યો હતો. (પીટીઆઇ)



**ઠંડક:** દિલ્હીમાં કાળઝાળ ગરમીના કારમા દિવસો દરમિયાન બુધવારે અચાનક વરસાદે અમી વરસાવતા દિલ્હીવાસીઓએ ટાઢકનો અનુભવ કર્યો હતો. (પીટીઆઇ)

# પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાનનો ‘મોર્ફ’ ફોટો પોસ્ટ કરનારની ધરપકડ મનસ્વી: સુપ્રીમ કોર્ટ

*નવી દિલ્હી:* સુપ્રીમ કોર્ટે બુધવારે પ્રિયંકા શર્માને છોડવાના મુદ્દા પર પશ્ચિમ બંગાળ સરકારની ઝાટકણી કાઢી હતી. પ્રિયંકા શર્માએ મુખ્ય પ્રધાન મમતા બેનરજીનો ફોટો મોર્ફ કરીને (ચેડાં કરીને) સોશિયલ મીડિયા પર રજૂ કર્યો હતો. ૧૦મી મેના દિવસે તૃણમૂલ કૉંગ્રેસના નેતા વિભાસ હાજરાની ફરિયાદના આધારે પોલીસે પ્રિયંકાની ધરપકડ કરી હતી અને ટ્રાયલ કોર્ટે તેને જ્યૂડિશિયલ કસ્ટડીમાં ૧૪ દિવસ રાખવાનો આદેશ આપ્યો હતો. પ્રિયંકા શર્મા ભાજપની યુવા પાંખની કાર્યકર છે. પ્રિયંકા શર્માને છોડી દેવા સુપ્રીમ કોર્ટે મંગળવારે પશ્ચિમ બંગાળ સરકારને આદેશ આપ્યો હતો. પ્રિયંકા શર્માના ભાઈ રાજીવ શર્માના એડ્વોકેટે બુધવારે સુપ્રીમમાં રજૂઆત કરી હતી કે પ્રિયંકાને છોડવામાં આવી નથી. ન્યાયમૂર્તિ ઈંદિરા બેનરજી અને સંજીવ ખન્નાની વેકેશન ખંડપીઠે પશ્ચિમ બંગાળના એડ્વોકેટને પૂછ્યું હતું કે, ‘આજે સવારના ૯.૪૦ કલાકે કેમ છોડી? તમારી હાજરીમાં ઑર્ડર પસાર કરવામાં આવ્યો હતો.’ એડ્વોકેટે જવાબ આપ્યો હતો કે, જેલ મેન્યુઅલના કારણે વિલંબ થયો હતો. ખંડપીઠે કહ્યું કે, ‘સુપ્રીમ કોર્ટના આદેશની સામે જેલ મેન્યુઅલનું કારણ નહીં આપી શકાય. આ રીતે નહીં ચાલે. ધરપકડ પ્રથમદર્શી નજરે મનસ્વી હતી.’ ખંડપીઠે અરજદારના એડ્વોકેટને પ્રિયંકાને છોડી કે નહીં તેની તપાસ કરવા કહ્યું હતું. જો છોડવામાં નહીં આવી હોય તો અવમાનનાની નોટિસ આપવામાં આવશે તેવી ચેતવણી ખંડપીઠે આપી હતી. દરમિયાન પ્રિયંકાના ભાઈના એડ્વોકેટે ખંડપીઠને કહ્યું હતું કે, ૧૩મી મેએ ટ્રાયલ કોર્ટમાં ‘ક્લોઝર રિપોર્ટ’ રજૂ કરાયો હતો તે બાબત પશ્ચિમ બંગાળ સરકારના એડ્વોકેટે સુપ્રીમ કોર્ટને જણાવી ન હતી. એડ્વોકેટે કહ્યું કે, આ અંગે તેમણે જુદી અરજી રજૂ કરી છે. સુપ્રીમ કોર્ટે ઉનાળુ વેકેશન પછી એટલે કે જુલાઈમાં તે બાબતની સુનાવણી હાથ ધરવામાં આવશે તેમ કહ્યું હતું. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે, મુક્ત થયા પછી પ્રિયંકાએ પોસ્ટ શેર કરવા બાબતમાં દિલગીરી વ્યક્ત કરવાની રહેશે. સોશિયલ મીડિયા પર પોસ્ટ અથવા મીમ શેર કરનારાની ધરપકડ થઈ શકે કે કેમ તે બાબતમાં પ્રતિભાવ આપવા પશ્ચિમ બંગાળ સરકારને નિર્દેશ આપ્યા હતા. ■

## હું માફી નહીં માગું: પ્રિયંકા શર્મા




*કોલકાતા:* ભાજપની યુવા પાંખની કાર્યકર પ્રિયંકા શર્માએ કહ્યું કે, તે માફી નહીં માગશે. ભાજપ ઑફિસમાં યોજાયેલી એક પત્રકાર પરિષદમાં તેણે કહ્યું કે, ‘મને કોઈ પસ્તાવો નથી. મારે માફી માગવી પડે તેવું મેં કંઈ કર્યું નથી. પ્રિયંકાને પાંચ દિવસ પછી આલીપોર જેલમાંથી સુપ્રીમના આદેશના પગલે બુધવારે સવારે ૯.૪૦ કલાકે જેલમાંથી છોડવામાં આવી હતી. પ્રિયંકાને જયારે જેલમાંથી છોડવામાં આવી ત્યારે તેની માતા અને ભાજપના સ્થાનિક નેતા હાજર હતા. પ્રિયંકાએ કહ્યં કે, ‘જેલમાં મારા પર ત્રાસ ગુજારવામાં આવ્યો હતો. જેલરે મને ગઈકાલે ધક્કો માર્યો હતો.’ પ્રિયંકાના ભાઈ રાજીવ શર્માએ આક્ષેપ કર્યો હતો કે, ‘જેલ સત્તાવાળાઓએ સુપ્રીમના આદેશની ‘હાર્ડ કોપ’ માગ કરી હતી. તરત જ છોડી મૂકવાના સુપ્રીમના આદેશનું તેમણે પાલન ન કર્યું હતું.’ પ્રિયંકાએ પ્રિયંકા ચોપરાના ફોટામાં મમતા બેનરજીનો ચહેરો ‘મોર્ફ’ કરી જોડયો હતો. તેની ધરપકડ પછી ભાજપ કાર્યકરો અને સોશિયલ મીડિયા યૂઝર્સ દ્વારા દેખાવો કરવામાં આવ્યા હતા. ■

# દીદીની સરકાર બંગાળમાં બધું ખતમ કરવા માગે છે: મોદી

*ટાકી (પશ્ચિમ બંગાળ):* વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે આક્ષેપ કર્યો હતો કે મમતા બેનરજીની સરકાર પશ્ચિમ બંગાળમાં બધું ખતમ કરવા માગે છે અને મને વિશ્વાસ છે કે જનતા તેમના ‘અત્યાચારી શાસન’નો અંત આણશે.

તેમણે જણાવ્યું હતું કે આખા દેશે (ટીવી પર) જોયું હતું કે તૃણમૂલ કૉંગ્રેસના ગુંડાઓએ ભારતીય જનતા પક્ષ (ભાજપ)ના પ્રમુખ અમિત શાહના રોડ શો પર હુમલો કરાવ્યો હતો.

તેમણે આક્ષેપ કર્યો હતો કે મમતા બેનરજીએ ‘તૃણમૂલ કૉંગ્રેસ ભાજપનો બદલો લેશે’ એવું નિવેદન કર્યું તે પછી આ હુમલો કરાયો હતો.

મોદીએ ભારત અને બંગલાદેશની સરહદ પર આવેલા ઉત્તર ૨૪ પરગણા જિલ્લાના ટાકી ખાતે ચૂંટણીપ્રચાર માટેની જાહેરસભાને સંબોધતા જણાવ્યું હતું કે દીદી (મમતા)ના ગુંડાઓ બંદૂકો અને બૉમ્બ લઇને આવ્યા હતા અને તોડફોડ શરૂ કરી હતી. તેમની સરકાર રાજ્યમાં બધાનો વિનાશ કરવા માગે છે. અગાઉ, મોદીએ બિહારના પાલીગંજ ખાતે જણાવ્યું હતું કે (વિપક્ષોની મહાયુતિ) મહામિલાવટના નેતાઓ કહે છે કે ચૂંટણીમાં રાષ્ટ્રીય સલામતીનો મુદ્દો ઉઠાવવો ન જોઇએ. હું કહું છું કે જ્યારે ત્રાસવાદી હુમલામાં નિર્દોષ લોકો જાન ગુમાવતા હોય ત્યારે રાષ્ટ્રીય સુરક્ષાનો મુદ્દો શું કામ ઉઠાવવો ન જોઇએ? વડા પ્રધાને પાકિસ્તાનના બાલાકોટમાં ત્રાસવાદીઓની છાવણીઓ પર કરાયેલા હુમલાના સંબંધમાં જણાવ્યું હતું કે અમે ત્રાસવાદીઓને તેઓના ઘરમાં ઘૂસીને જે રીતે માર્યા હતા એ રીતે મારવા જોઇએ. (એજન્સી)■

# શ્રીલંકામાંથી કર્ફ્યુ ઉઠાવી લેવાયો

*કોલંબો:* શ્રીલંકાના સત્તાવાળાઓએ બુધવારે જણાવ્યું હતું કે દેશભરમાંથી કર્ફ્યુ ઉઠાવી લેવામાં આવ્યો છે અને કોમી હુલ્લડો સાથે સંકળાયેલા કુલ ૬૦ જણાની ધરપકડ કરવામાં આવી છે.

જીવલેણ ઇસ્ટર-સન્ડે બૉમ્બ ધડાકાઓ પછીના આ રમખાણોમાં સિંહાલી ટોળાઓએ મુસ્લિમોની માલિકીની દુકાનો તથા ધંધાકીય ગૃહો પર હુમલા કર્યા હતા. શ્રીલંકામાં મુસ્લિમોની વસતિનું પ્રમાણ ૧૦ ટકા છે અને આ સમુદાય સામેની હિંસાને પગલે સોમવારે દેશભરમાં સંચારબંધી લાગુ કરાઈ હતી. મંગળવારે થોડા સમય માટે આ કર્ફ્યુ પાછો ખેંચી લેવાયો હતો, પરંતુ દેશના અમુક ભાગોમાં નવેસરથી હિંસા ફાટી નીકળતાં સતત બીજી રાત્રે કર્ફ્યુ લાદવામાં આવ્યો હતો. જોકે, હિંસા સંબંધમાં સૌથી વધુ અસરગ્રસ્ત પ્રાન્તો નૉર્થ-વેસ્ટર્ન પ્રોવિન્સ અને ગૅમ્પાહા પોલીસ ડિવિઝનમાં હવે પરિસ્થિતિ રાબેતામુજબની થતાં સંચારબંધી પાછી ખેંચાઈ છે. પોલીસ વિભાગના પ્રચાર-માધ્યમ પ્રવક્તાએ કહ્યું હતું કે ‘મંગળવાર રાતથી હિંસાની કોઈ જ ઘટના નથી બની અને હુલ્લડોમાં ભાગ લેનારાઓની ધરપકડ કરવામાં આવી છે.’

પોલીસ તંત્રના પ્રવક્તા રુવાન ગુણસેકરાએ જણાવ્યું હતું કે ‘મુસ્લિમ-વિરોધી રમખાણો સંબંધમાં પકડવામાં આવેલા ૩૩ શકમંદોને રિમાન્ડ પર લેવામાં આવ્યા છે અને કુલ ૬૦થી વધુ લોકોની ધરપકડ કરાઈ છે. શકમંદોને ઇન્ટરનેશનલ કૉવેનન્ટ ઑન સિવિલ ઍન્ડ પૉલિટિકલ રાઇટ્સ (આઇસીસીપીઆર) હેઠળ ૧૦ વર્ષની જેલની સજા થઈ શકે.’

દરમિયાન, બુધવારે દેશભરની સ્કૂલો તથા શૈક્ષણિક સંસ્થાઓની ગતિવિધિઓ ફરી શરૂ થઈ ગઈ હતી. (પીટીઆઇ)■



**આરતી:** વારાણસીમાં બુધવારે આસ્સિ ઘાટ પર સમી સાંજે પંડિતે ગંગા આરતી કરીને વાતાવરણને પવિત્ર અને ધાર્મિક બનાવી નાખ્યું હતું. (પીટીઆઇ)

# હાફિઝ સઇદના નજીકના સગાની પાકમાં ધરપકડ કરાઇ

*લાહોર:* મુંબઇ પર ત્રાસવાદી હુમલાના સૂત્રધાર અને હવે આંતરરાષ્ટ્રીય ત્રાસવાદી હાફિઝ સઇદના નજીકના સગા હાફિઝ અબ્દુર રેહમાન મક્કીની ધૃણા ફેલાવતું ભાષણ કરવા અને પાકિસ્તાન સરકારને વખોડવા બદલ ધરપકડ કરાઇ હોવાની વાત પોલીસે જણાવી હતી.

મક્કી જમાત ઉદ દાવાની રાજકીય અને આંતરરાષ્ટ્રીય બાબતોના વિભાગના પ્રમુખ અને ફલાહ એ ઇન્સાનિયત ફાઉન્ડેશનનો ઇનચાર્જ છે.

પાકિસ્તાનના પંજાબના પોલીસ પ્રવક્તા નબીલા ઘઝાનફારએ મક્કીની ધરપકડ કરાઇ હોવાની વાતને સમર્થન આપ્યું હતું, પણ એના પર લગાવાયેલા આરોપો વિશે કશું કહ્યું નહોતું.

સૂત્રોના જણાવ્યા અનુસાર ગુજરાનવાલામાં નફરત ફેલાવતું ભાષણ કરવા બદલ મક્કીની ધરપકડ કરાઇ છે. સંયુક્ત રાષ્ટ્રસંઘ પાસેથી નાણાકીય સહાયતા મેળવવા માટેના પ્રયત્ન તરીકે પણ આ ધરપકડ કરાઇ હોઇ શકે. (પીટીઆઇ)■

# બાંગલાદેશની પોલીસે બે માનવતસ્કર રોહિંગ્યાને ઠાર માર્યા

*કોક્ષની બઝાર:* બાંગલાદેશની પોલીસે બે દિવસમાં સમુદ્ર માર્ગે મલેશિયા જઇ રહેલા ૧૦૩ શરણાર્થીને બચાવવા સાથે કથિત રીતે માનવોની તસ્કરી કરતા બે રોહિંગ્યાને ઠાર માર્યા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર શરણાર્થી કેમ્પની બહાર મંગળવારે સાંજે બે રોહિંગ્યાએ પોલીસ પર ગોળીબાર કર્યો હતો અને પોલીસે કરેલા વળતા ગોળીબારમાં બંને ઠાર મરાયા હતા.

બાંગલાદેશના દક્ષિણપૂર્વ વિસ્તારમાં પાછલા ચાર વર્ષમાં આ રીતે પહેલી વખત માનવતસ્કર રોહિંગ્યા ઠાર મરાયા હતા.

પાછલા કેટલાક મહિનાથી રોહિંગ્યાઓની માનવતસ્કરીમાં વધારો થયો છે.

નવેમ્બરથી એપ્રિલ વચ્ચે જ્યારે દરિયો શાંત હોય છે, ત્યારે સમૃદ્ધ મલેશિયામાં હજારો રોહિંગ્યાને દરિયા માર્ગે મોકલવામાં આવ્યા હોવાની માહિતી પણ પોલીસે આપી હતી. સામૂહિક કબરો અને સમુદ્રમાં તરતી ભરચક નૌકાઓની જાણકારી મળ્યા બાદ ૨૦૧૫માં બાંગ્લાદેશની પોલીસે મુખ્ય તસ્કરોને ઠાર માર્યા હતા, પણ હવે એમણે પાછો પગપેસારો કર્યો હોય એવું લાગે છે. (પીટીઆઇ)■

# નેપાળી શેરપાનો રેકોર્ડ: ૨૩મી વખત સર કર્યો માઉન્ટ ઍવરેસ્ટ

*કાઠમંડુ:* ૪૯ વર્ષના નેપાળી શેરપાએ ૨૩મી વખત માઉન્ટ ઍવરેસ્ટ સર કરી તેનો પોતાનો જ અગાઉનો રેકોર્ડ તોડ્યો હોવાનું પ્રસારમાધ્યમના અહેવાલમાં બુધવારે જણાવવામાં આવ્યું હતું.

કામી રીટા શેરપા જેણે ગયા વરસે વિશ્વના સૌથી ઊંચા ૮૮૫૦ મીટરના માઉન્ટ ઍવરેસ્ટની ટોચ પર ઊભા રહીને સૌથી વધુ બાવીસ વખત ઍવરેસ્ટ સર કરવાનો વિક્રમ સ્થાપ્યો હતો. બુધવારે સવારે ફરી એકવાર તેણે તેના સાથીદારો સાથે માઉન્ટ ઍવરેસ્ટના શિખર પર પગ મૂકી પોતાનો જ અગાઉનો રેકોર્ડ તોડ્યો હતો.

પ્રસારમાધ્યમે સેવન સમિટ ટ્રેક્સ ખાતે કંપનીના અધ્યક્ષ મિન્ગમા શેરપાને એમ કહેતા ટાંક્યા હતા કે સોલુખુમ્બુ જિલ્લાના થામે ગામના વતની કામી રીટા શેરપાએ નેપાળની બાજુએથી બુધવારે સવારે ૭:૫૦ વાગ્યે ઍવરેસ્ટના સર્વોચ્ચ શિખર પર પગ મૂકી અગાઉનો તેનો જ વિક્રમ તોડ્યો હતો.

કામી રીટા શેરપા વર્ષ ૧૯૯૪થી માઉન્ટ ઍવરેસ્ટ ચઢી રહ્યો છે.

વર્ષ ૨૦૧૫માં તેનો ગ્રાહક માર્ગમાં અધવચ્ચે જ માંદો પડી જવાને કારણે તે ઍવરેસ્ટ ચઢી નહોતો શક્યો.

વર્ષ ૧૯૯૫માં ભયાનક હિમસ્ખલને એક ટુકડીનો ભોગ લીધા બાદ તેણે માઉન્ટ ઍવરેસ્ટ જવાનું માંડી વાળ્યું હતું.

વર્ષ ૨૦૧૭માં કામી ૨૧ વખત માઉન્ટ ઍવરેસ્ટ સર કરનાર ત્રીજી વ્યક્તિ બન્યો હતો અને તેણે અપ્પા શેરપા અને પૂર્બા તાશી શેરપાના વિક્રમની બરોબરી કરી હતી.

અપ્પા શેરપા અને પૂર્બા તાશી શેરપાએ ત્યાર બાદ નિવૃત્તી લઈ લીધી હતી.

વર્ષ ૨૦૧૮માં કામીએ બાવીસમી વખત ઍવરેસ્ટ સર કરી નવો વિક્રમ સ્થાપ્યો હતો. (એજન્સી)■

# મમતા, તૃણમૂલના નેતાઓએ ટ્વિટર, ફેસબુકના ડીપીમાં વિદ્યાસાગરના ફોટા મૂક્યા

*કોલકાતા:* મંગળવારે ઉત્તર કોલકાતામાં ભાજપ અને તૃણમૂલ કૉંગ્રેસના કાર્યકરો વચ્ચે થયેલી અથડામણમાં બંગાળના જાણીતા સુધારક ઇશ્વરચંદ્ર વિદ્યાસાગરના નામની કોલેજમાં ભાજપના કાર્યકરો દ્વારા તોડફોડ કરવાને પગલે પ. બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનર્જીએ અને તૃણમૂલ કૉંગ્રેસના કેટલાક ટોચના નેતાઓએ તેમનો વિરોધ દર્શાવવા માટે બુધવારે તેમના ટ્વિટર, ફેસબુકના ડીપી (ડિસ્પ્લે પિક્ચર) બદલી તેમાં સમાજ સુધારક ઇશ્વરચંદ્ર વિદ્યાસાગરનો ફોટો મૂક્યો છે.

ટ્વિટર અને ફેસબુક પર તૃણમૂલ કૉંગ્રેસના સત્તાવાર પ્રોફાઇલનો ફોટો પણ બદલીને તેમાં વિદ્યાસાગરનો ફોટો મૂકવામાં આવ્યો છે.

મંગળવારે ભાજપના કાર્યકરો દ્વારા ઉત્તર કોલકાતામાં કરેલી તોડફોડના વિરોધમાં બેનર્જીએ બુધવારે વિરોધ રેલીનું પણ આયોજન કર્યું હતું.

ભાજપના સમર્થકો અને તૃણમૂલના કાર્યકરો વચ્ચે થયેલી અથડામણ બાદ ભાજપના પ્રમુખ અમિત શાહ પર પ્રહારો કરતા મમતાએ જણાવ્યું હતું કે, ‘અમિત શાહ પોતાને શું સમજે છે? એ કાનૂનથી ઉપર છે? એ શું ભગવાન છે કે કોઇ એનો વિરોધ ના કરી શકે?’

આ ઘટના બાદ સીપીઆઇ (એમ)એ પણ વિરોધ રેલીની હાકલ કરી હતી. (પીટીઆઇ)■

# ભાજપે બહુમતી માટે જરૂરી બેઠકો મેળવી લીધી: અમિત શાહ

*નવી દિલ્હી:* ભાજપ પ્રમુખ અમિત શાહે બુધવારે કહ્યું કે સાતમા તબક્કા પછી તેમના પક્ષને ૩૦૦થી વધુ બેઠક મળશે અને વડા પ્રધાન મોદીના નેતૃત્વમાં ફરી વાર એનડીએની સરકારની રચના થશે.

નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદમાં તેમણે કહ્યું કે, ‘અમે કેટલી બેઠકો મેળવીશું તેવું તમે (મીડિયા) પૂછતા રહો છો.

મેં દેશભરમાં પ્રવાસ કર્યો છે અને લોકપ્રિય જુવાળ જોતા મને સંપૂર્ણ વિશ્વાસ છે કે પાંચમા



અને છઠ્ઠા તબક્કામાં ભાજપે બહુમતીનો આંકડો પાર કર્યો છે. સાતમા તબક્કાના મતદાન પછી આંકડો ૩૦૦ની પાર જશે અને ફરી વાર વડા પ્રધાન મોદીના નેતૃત્વ હેઠળ એનડીએ સરકારની રચના થશે.

લોકસભામાં સાદી બહુમતી માટે ૨૭૨ બેઠકની આવશ્યકતા હોય છે.

તેમણે કહ્યું હતું કે, આ વખતે પણ વિપક્ષને નેતા પસંદ કરવા જેટલી બેઠક નહીં મળશે. લોકસભામાં વિપક્ષના નેતા બનવા માટે ઓછામાં ઓછી દસ ટકા બેઠક મળવી જરૂરી છે. ૨૦૧૪માં કૉંગ્રેસને ફકત ૪૪ બેઠક મળી હતી. ■